# G20 Sherpas' Meeting on 15-16 September 2021

September 17, 2021

# G20 શેરપાઝ બેઠક 15-16 સપ્ટેમ્બર 2021

સપ્ટેમ્બર 17, 2021

1. કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ, ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ અને કાપડ અને ભારતના G20 શેરપા મંત્રી શ્રી પીયૂષ ગોયલે 15-16 સપ્ટેમ્બર 2021ના રોજ વર્ચ્યુઅલ ફોર્મેટમાં G20 શેરપાની બે દિવસની બેઠકમાં ભાગ લીધો હતો. ભારતના G20 શેરપા તરીકે તેમની નિમણૂક બાદ શ્રી પીયૂષ ગોયલે હાજરી આપેલી આ પ્રથમ G20 મીટિંગ હતી.

2. આ બેઠકનું અધ્યક્ષપદ રાજદૂત લુઇગી મેટિઓલો, ઇટાલીના G20 શેરપાએ સંભાળ્યું હતું, જેમણે G20 પરિવારમાં શ્રી પિયુષ ગોયલનું સ્વાગત કર્યું હતું.

3. આ બેઠકનો એજન્ડા ડ્રાફ્ટ રોમ ઘોષણા પર ચર્ચા અને વિચારવિમર્શ કરવાનો હતો, જે જી 20 નેતાઓ દ્વારા 30-31 ઓક્ટોબર 2021ના રોજ રોમ શિખર મંત્રણામાં અપનાવવામાં આવશે. ઘોષણાના મુખ્ય વિષયો આરોગ્ય અને કોવિડ -19 માંથી પુનઃરિકવરી હતા. મહામારી, ટકાઉ વિકાસ, પર્યાવરણ, આબોહવા અને ઉર્જા, જાતિ વિષયક સમાનતા, શિક્ષણ, શ્રમ, રોજગાર, પર્યટન, સંસ્કૃતિ અને ડિજિટલ અર્થતંત્ર તેમાં આવરી લેવાયા હતા.

4. શેરપાએ આ વર્ષે G20માં તેના નેતૃત્વ માટે અને વિવિધ વિષયોને આવરી લેતા નેતાઓ માટે મજબૂત દસ્તાવેજ તૈયાર કરવાના તેના પ્રયત્નો બદલ ઇટાલીનો આભાર માન્યો હતો. આ દરેક મુદ્દાઓ પર ભારતની પ્રગતિ પર પ્રકાશ પાડતા, તેમણે જણાવ્યુ કે નેતાઓ માટે અર્થપૂર્ણ અને સંતુલિત નિવેદનમાં ભારત રચનાત્મક ભૂમિકા ભજવશે.

**નવી દિલ્હી**
**સપ્ટેમ્બર 17, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.